ગુજરાતમાં કોરોનાના નવા ૧૨૯૫૫ કેસ નોંધાયા

અત્યાર સુધીમાં કુલ ૪૭૭૩૯૧ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૪૨૪૮ કેસ

ગાંધીનગર, તા.૫

રાજ્યમાં કોરોના વાયસના વેક્સીનેશનની વચ્ચે કોરોનાના કેસ બેકાબૂ બની રહ્યા છે. રાજ્યમાં આજે વિક્રમજનક ૧૨,૯૫૫૫ કુલ નવા કેસ નોંધાયા છે જ્યારે કુલ ૧૨,૯૫૫દર્દીઓ સાજા થઈને ઘરે પરત ગયા છે. દરમિયાનમાં આજે ૧૩૩૩ દર્દીનાં દુઃખદ નિધન થયા છે. અમદાવાદમાં આજે વિક્રમજનક ૪૬૯૩ કેસ નોંધાયા છે. ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં ૪૧૭૪, સુરત શહેરમાં ૧૧૬૮, રાજકોટ શહેરમાં ૩૯૧, વડોદરા શહેરમાં ૭૨૨, મહેસાણામાં ૫૨૫, જામનગર શહેરમાં ૩૯૮, ભાવનગર શહેરમાં ૩૯૧, જૂનાગઢ શહેરમાં ૧૮૯, ગાંધીનગર શહેરમાં ૧૪૮ કેસ નોંધાયા છે. વડોદરા જિલ્લામાં ૩૩૯, પંચમહાલમાં ૨૩૭, નવસારીમાં ૨૧૬, દાહોદમાં ૧૯૮, સુરેન્દ્રનગરમાં ૧૯૫, જૂનાગઢ જિલ્લામાં ૧૯૩, ગીરસોમનાથમાં ૧૯૨, મહીસાગરમાં ૧૮૮ કેસ નોંધાયા છે. જ્યારે ખેડામાં ૧૮૦, કચ્છમાં ૧૭૩, રાજકોટ જિલ્લામાં ૧૭૦, ગાંધીનગર જિલ્લામાં ૧૫૮, આણંદમાં ૧૫૭, અમરેલીમાં ૧૫૬, બનાસકાંઠામાં ૧૫૬, પાટણમાં ૧૫૪, સાબરકાંઠામાં ૧૪૭, અરવલ્લીમાં ૧૨૪, છોટાઉદેપુરમાં ૧૧૮, વલસાડમાં ૧૧૮, તાપીમાં ૧૧૩, મોરબીમાં ૯૨, ભરૂચમાં ૯૧, નર્મદામાં ૮૭, ભાવનગરમાં ૮૪, અમદાવાદમાં ૭૪, દેવભૂમિ દ્વારકામાં ૫૮, પોરબંદરમાં ૪૪, ડાંગમાં ૨૦, બોટાદમાં ૧૮ મળીને ૧૨૯૫૫ કેસ નોંધાયા છે. ૧૩૩ મૃત્યુ પૈકી અમદાવાદ શહેરમાં ૨૨, સુરત, વડોદરા શહેરમાં ૮-૮, મહેસાણામાં ૨, જામનગર શહેરમાં ૯, રાજકોટ શહેરમાં ૧૦, વડોદરા, જામનગર દજિલ્લામાં ૫-૫, ભાવનગર શહેરમાં ૩, સુરત જિલ્લામાં૫, પંચમહાલ, સુરેન્દ્રનગર,. મહીસાગર, ખેડા, ભરૂચ, નર્મદા પ્રત્યેક જિલ્લામાં ૨-૨ કેસ નોંધાયા છે. જ્યારે ભાનવનગર, જૂનાગઢ, સાબરકાંઠાસુરત જિલ્લામાં ૫-૫ મોત નોંધાયા છે. આ ઉપરાંત રાજકોટ જિલ્લામાં ૬ મોત નોંધાયા છે. રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા કૂદકે અને ભૂસકે વધી રહી છે. હાલમાં રાજ્યમાં કુલ ૧,૪૮,૧૨૪એક્ટિવ કેસ છે. આ પૈકીના કુલ ૭૯૨ દર્દીઓ વેન્ટિલેટર પર છે જ્યારે ૧,૪૭,૩૩૨ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાંથી અત્યારસુધીમાં કુલ ૪,૭૭,૩૯૧ દર્દીઓ ડિસ્ચાર્જ થઈ ગયા છે જ્યારે કુલ ૭,૯૧૨ દર્દીનાં મૃત્યુ થયા છે. દરમિયાન રાજ્યમાં આજે કુલ ૧,૪૦, ૪૪૩ વ્યક્તિને રસી આપવામાં આવી છે. અત્યારસુધીમાં રાજ્યમાં ૧ કરોડ ૨૮ લાખ, તેતાળીસ હજાર ચારસો ત્રાંસી વ્યક્તિનું રસીકરણ થઈ ગયું છે જે પૈકીના ૧ કરોડ ૯૧ હજાર ૫૧૯ વ્યક્તિને રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે.

કોરોના કોર્નર

- ભાજપના નેતા અને બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી કોરોનાથી સંક્રમિત.
- પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિર વધુ ૧૦ દિવસ બંધ રાખવાનો નિર્ણય.
- સ્પાયજેટ અને ઈન્ડિગો રાજકોટથી મુંબઈ અને દિલ્હી સહિતની ફ્લાઈટ સેવા ૩૧મી સુધી કેન્સલ.
- તામિલનાડુમાં ઓક્સિજનના અભાવે ૧૧ દર્દીઓના મોત.
- જાણીતા અભિનેત્રી દિપીકા પાદુકોણ કોરોનાથી સંક્રમિત.
- મમતા બેનરજીએ સત્તા સંભાળતાની સાથે આંશિક લોકડાઉન લાદ્યુ.
- મહારાષ્ટ્રમાં કોરોનાના કેસ ઘટ્યા તો કર્ણાટકમાં કેસ વધ્યા.
- સુપ્રિમ કોર્ટે કેન્દ્રને તાત્કાલિક દિલ્હીને ઓક્સિજન આપવા હૂકમ કર્યો.

જન્મદિને વધામણી

જલ્વિન કૃષ્ણકુમાર ચૌધરી
અંતિસરા (મોડાસા)

તરૂણ એ. પટેલ
આકરૂન્દ, તા.ધનસુરા

દર્શિત અલ્પેશભાઈ પટેલ
વ્રજગાર્ડન સોસાયટી,
બાયડ, જિ.અરવલ્લી

જૈમિન બી. ચૌહાણ
બાયડ, જિ.અરવલ્લી

મિહિર અશોકભાઈ પટેલ
દેરોલી, તા.બાયડ


ધિમંતભાઈ એમ. પટેલ
બાયડ, જિ.અરવલ્લી

આશિષ અરવિંદભાઈ સોની
(આશિષ ગ્રાફીક્સ, મોડાસા)

સાગર ચૌધરી
બાયડ, જિ.અરવલ્લી

ક્રિષ્ણા વિજયભાઈ સોની
બાયડ (ઓન્ટરીયો-ટોરેન્ટો)

ભાવિન રાઠોડ
બાયડ, જિ.અરવલ્લી

હેતુલ ભરતકુમાર પટેલ
બાયડ, જિ.અરવલ્લી

પરેશભાઈ સોની
(બાયડ)

કુંતલ પંચાલ
અમદાવાદ

તેજસ પંચાલ (બાયડ)

કોરોનાનું ગ્રહણ : સાબરકાંઠા, અરવલ્લીમાં ૫૦ હજારથી વધુ લોકો બેકાર, સ્થિતિ વધુ વિકટ

અનેક ધંધાનાં શટર બંધ, ભાડુઆતોએ ધંધા બંધ કરી વતનની વાટ પકડી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

કોરોનાએ રાજ્યના અર્થતંત્રને હચમચાવવાની સાથે બેકારી પણ ટોચ ઉપર લાવી દીધી છે. માત્ર સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં જ કોરોનાના કારણે આંશિક અને સ્વયંભૂ લૉકડાઉનમાં અનેક ધંધા બેહાલ થઈ ગયા છે. જિલ્લામાં ૫૦ હજાર થી વધુ લોકો કોરોનાના ગ્રહણથી બેકાર થયાની આશંકા છે. આગામી દિવસોમાં સ્થિતિ વધુ સ્ફોટક બને છે. સાઠંબા થી પોશીના સુધીના વિસ્તારમાં અનેક ધંધાનાં શટર બંધ થઈ ગયાં છે. ભાડુઆતોએ ધંધા બંધ કરી વતનની વાટ પકડી છે.

કોઈપણ વિકટ સ્થિતિ લાંબો સમય ચાલે એટલે તેનાં ગંભીર પરિણામો માંડે માંડે સામે આવતાં હોય છે. કોરોનાની લહેર ધારણા કરતાં વધુ ઘાતક બની. માત્ર સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની વાત કરવામાં આવે તો કોરોનાના કારણે ૧૦૦ થી વધુ વેપારીઓ તેમજ વેપાર સંલગ્ન જોડાયેલા લોકોના મોત નિપજ્યા છે. ધમધમતો ધંધો હોય અને એકાએક કોરોનાના ચેપથી વેપારીનું મોત થઈ જાય ત્યાર પછી પરિવારની શું હાલત થતી હશે..?? તે તેમના સ્વજનોને જ ખ્યાલ હોય. કોરોનાનું ગ્રહણ એટલી હદે બેકાબુ બન્યું કે આંશિક લૉકડાઉનમાં ધંધા-રોજગાર ખુલ્લા હોય પરંતુ વેપારીઓને બપોર સુધી બોણી પણ થતી ન હતી. કેટલાક વેપારીઓને તો ૨-૩ દિવસ પછી કોઈક ગ્રાહક આંગણે જોવા મળતો હતો. માર્ચ-એપ્રિલ મહિનામાં કોરોનાના વધતા કહેરથી વેપારીઓએ ખરીદી બંધ કરી, ઘરાકીમાં ઓટ આવી જેના કારણે સી.સી. લોન, દુકાનોનાં ભાડાં આપવાં અઘરાં પડ્યાં. હાલત એ થઈ કે આવા દુકાનદારોને વર્તમાન સ્થિતિમાં ધંધાનાં શટર પાડવા સિવાય કોઈ બીજો વિકલ્પ બચ્યો નથી. બંન્ને જિલ્લામાં ખાસ કરીને રાજસ્થાની વેપારીઓએ પોતાના ધંધા-રોજગારનો વિસ્તાર કર્યો હતો. પરપ્રાંતિય વેપારીઓ માટે કોરોનાનું ગ્રહણ મરણતોલ બની ગયું છે. સ્થાનિકો ઉપરાંત રાજ્યના અન્ય જિલ્લાના સ્થાયી થયેલા વેપારીઓની હાલત કફોડી બની છે.



ઇડર માર્કેટીંગ યાર્ડ ૧૨મી સુધી બંધ

કોરોના બીજી લહેર જીવલેણ સાબિત થઈ રહી છે ત્યારે સરકારે પણ સ્વૈચ્છિક લોકડાઉન કરી કોરોના ની સંક્રમિત ચેઇન ને તોડવા અપીલ કરી હતી જેના અનુસનધાને જિલ્લાના વિવિધ માર્કેટીંગ યાર્ડ છેલ્લા એક અઠવાડિયા થી સ્વૈચ્છિક રીતે બંધ પડ્યા હતા .જયારે ઈડર માર્કેટીંગ યાર્ડ ના વેપારીઓ એ એક અઠવાડિયા સુધી બંધ રાખ્યું હતું.પરંતુ કોરોના ની બીજી લહેર વધુ ઘાતક અને જીવલેણ સાબિત થઈ રહી છે અને લોકો વધુ ને વધુ ચેપગ્રસ્થ થઈ રહ્યા છે ત્યારે જિલ્લા રજીસ્ટાર ની કોરોના સંક્રમણ ની ચેઇન તોડવા ની સૂચના અન્વયે માર્કેટયાર્ડ ઈડર મા ખેતપેદાશોની ખરીદ વેચવાનું કામ કાજ તારીખ ૫/૫/૨૦૨૧ને બુધવાર સુધી બંધ રાખવામાં આવેલ હતું પરંતુ દિન-પ્રતિદિન કોરોના વાયરસનું સંક્રમણ વધવાથી સરકારશ્રીએ તા, ૪/૫/૨૦૨૧ થી કરેલ હુકમ તેમજ જિલ્લા રજીસ્ટાર શ્રી ની સુચના અન્વયે માર્કેટયાર્ડ ઈડર માં તારીખ ૧૨/૫/૨૦૨૧ બુધવાર સુધી ખેત પેદાશોની હરાજી નું કામકાજ સદંતર બંધ રાખવામાં આવેલ છે જેની વેપારીઓ તથા ખેડૂત ને માર્કેટીંગ યાર્ડ ના સેક્રેટરી ઈન્દ્રજીતસિંહજી ચંપાવત ધ્વરા કરવામાં આવી છે.

શિક્ષકોના માથે કોરોનાનું કાળચક્ર : બાયડ તાલુકાની સાઠંબા પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષિકાનું કોરોનાથી મોત

એક મહિનામાં બાયડ તાલુકામાં છ પ્રાથમિક શિક્ષકોના મોતથી હાહાકાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

બાયડ તાલુકામાં કોરોનાનું કાળચક્ર શિક્ષકોના માથે હાવિ થઈ ગયું છે. બાયડ તાલુકાની સાઠંબા સરકારી પ્રા.શાળા નં.૨ ના મુખ્ય શિક્ષક મીતાબેન રાકેશકુમાર શાહનું કોરોનાથી મોત નિપજતાં બાયડ તાલુકામાં એક મહિનાથી ઓછા સમયગાળામાં ૬ પ્રા.શિક્ષકોને કોરોના ભરખી જતાં હાહાકાર મચ્યો છે. જ્યારે તાજેતરમાં જ બાયડ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી એન.એમ. તરાલનું કોરોનાથી મોત નિપજ્યું છે.

કોરોનાના ભારે સંક્રમણ સમયે શાળાઓ ખુલ્લી રાખવી અને શેરી શાળાઓના કારણે અનેક શિક્ષકો કોરોનાથી સંક્રમિત બન્યા છે. અરવલ્લી જિલ્લામાં કોરોનાના સંક્રમણથી ૧૪ થી વધુ પ્રા.શિક્ષકોના મોત નિપજ્યા છે. જે તે સમયે સરકારના આદેશ પ્રમાણે શાળાઓ સંપૂર્ણ બંધ કરી હોત તો કદાચ કેટલાક પ્રા.શિક્ષકોને દૈત્ય કોરોનાના કાળપંજામાંથી બચાવી શકાયા હોત પરંતુ કમનસીબે તેવું બન્યું નથી. સાઠંબા પ્રા.શાળા નં.૨ ના મુખ્ય શિક્ષક મીતાબેન શાહને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં ૨ દિવસ હોમ ક્વોરન્ટાઈન થયા હતા પરંતુ તબિયત વધુ બગડતાં વધુ સારવાર અર્થે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ કોરોના તેમના માટે જીવલેણ સાબિત થતાં તા.૫ ના રોજ હોસ્પિટલમાં મોત નિપજ્યું હતું. જ્યારે હજુ બે દિવસ અગાઉ જ બાયડ તાલુકાની લાંક પ્રા.શાળાના શિક્ષકનું કોરોનાથી મોત નિપજ્યાના આઘાતમાંથી પ્રા.શિક્ષક આલમ બહાર આવ્યો નથી ત્યાં વધુ એક શિક્ષકના મોતથી સમગ્ર શિક્ષક આલમ સ્તબ્ધ બની ગયો છે.

કોરોનાથી મૃત્યુ પામેલા શિક્ષકોના પરિવારને નોકરી-પેન્શન આપવાની માંગ

રાજ્યનગર પ્રાથમિક શિક્ષક સંઘની રજૂઆત

બાયડ : કોરોનાના કારણે શિક્ષકોના મોતથી સમાજ અને જે તે જિલ્લામાં ઉંડા શોકની લાગણી ફરી વળી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાના કારણે ૯૦૦ થી વધુ પ્રા.શિક્ષકો સંક્રમિત થયા છે જેમાંથી ૩૦ થી વધુ શિક્ષકોના મોત નિપજ્યા છે. રાજ્યમાં ૨૦૦ થી વધુ પ્રા.શિક્ષકો મોતને ભેટ્યાની વિગતો છે ત્યારે ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા કોરોનાથી મૃત્યુ પામનાર પ્રાથમિક શિક્ષકના પરિવારજનો પૈકી એક સભ્યને નોકરી આપવામાં આવે અને કર્મચારી પરિવારનું ગુજરાન થઈ શકે તે માટે નવી પેન્શન સ્કીમના કર્મચારીઓને પણ જૂની પેન્શન યોજનાનો લાભ આપવા અને તેમના સંતાનોને પ્રાથમિક શિક્ષણથી માંડી ઉચ્ચ શિક્ષણ વિના મૂલ્યે મળે તે પ્રકારે જોગવાઈ કરવા રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરી છે. સંઘ દ્વારા બિહાર સરકારે લીધેલા નિર્ણય પ્રમાણે ગુજરાત સરકાર કોરોનાના કારણે મૃતક શિક્ષકોના પરિવારના હિત માટે નિર્ણય લે તેવું જણાવાયું છે.

બાયડના આશાસ્પદ ડૉક્ટરનું હૃદયરોગના હુમલાથી મોત

બાયડ : બાયડના વતની અને આણંદ જિલ્લાના કરમસદ નજીક આશી ગામમાં જનરલ પ્રેક્ટીસ કરતા ડૉ.ગુંજન નરેન્દ્રભાઈ શાહને હૃદય રોગનો હુમલો આવતાં મોત નિપજ્યું હતું. ડૉ.ગુંજન શાહના નિધનના સમાચારથી બાયડ તેમજ સમસ્ત વૈષ્ણવ સમાજમાં શોક છવાયો હતો.

ચિંતાજનક સમાચાર : પ્રાણીઓમાં કોરોનાના ઈન્ફેક્શન ફેલાયાનો કિસ્સો, ઉત્તર ગુજરાતમાં રખડતાં ઢોર જોખમી બન્યાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

કોરોનાની મહામારીમાં લોકોનો ભોગ લેવાઈ રહ્યો છે. અત્યાર સુધી કોરોનાનું સંક્રમણ માનવીઓ પૂરતું સિમિત હતું પરંતુ દેશમાંથી ચિંતાજનક સમાચાર આવ્યા છે. હૈદરાબાદમાં નહેરૂ પાર્કમાં ૮ સિંહ કોરોના પોઝિટિવ છે. જેથી ઉત્તર ગુજરાતમાં પણ કોરોનાનું સંક્રમણ બેકાબુ બનતાં હવે રખડતાં ઢોર જોખમી બને તેવી દહેશત વધી છે.

પાછલા ૧ મહિનામાં કોરોનાએ ઉત્તર ગુજરાતમાં કાળો કેર વર્તાવ્યો છે. સરકારી તંત્રએ કોરોના પોઝિટિવ અને કોરોનાથી મૃત્યુ પામતા દર્દીઓના આંકડા છૂપાવ્યાનું જગજાહેર છે. જેના કારણે પાંચેય જિલ્લામાં વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગની કામગીરી સામે લોક આક્રોશ જોવા મળી રહ્યો છે. કોરોનાનું સંક્રમણ દરરોજ ઉત્તર ગુજરાતમાં ૧૮ થી ૨૦ લોકોને ભરખી રહ્યું છે. આ આંકડો બિનસત્તાવાર રીતે ૪૦ થી ૫૦ હોવાની સંભાવના છે. આટલી મોટી સંખ્યામાં દરરોજ કોરોનાથી દર્દીઓના મૃત્યુ અતિગંભીર બાબત છે. લોકોમાં થયેલું કોરોનાનું સંક્રમણ બેલગામ બન્યું છે એટલે પશુઓ સુધી પણ કોરોનાનો ચેપ ઉત્તર ગુજરાતમાં પ્રસર્યો હોવાની આશંકા છે પરંતુ હજુ સુધી આવો એકપણ શંકાસ્પદ કેસ પશુ ચિકિત્સા વિભાગના ધ્યાન ઉપર આવ્યો નથી. પરંતુ જે રીતે દેશમાં પ્રાણીઓમાં કોરોના પોઝિટિવના લક્ષણો જોવા મળ્યા છે તેવા લક્ષણો ઉત્તર ગુજરાતમાં દૂધાળા પશુઓમાં જોવા મળે તો વિકરાળ સ્થિતિ નિર્માણ થાય તેવી દહેશત ઉભી થઈ છે.

ભિલોડાના જેસીંગપુર નજીક કાર-બાઈક ટકરાયાં, બેનાં મોત

ભિલોડા તાલુકાના જેસીંગપુર નજીક પૂરઝડપે દોડતી કારના ચાલકે સામેથી આવતી બાઈકને ટક્કર મારી ચાલક સંજયભાઈ અને પાછળ બેઠેલ કાજલને ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવતાં ભિલોડા પોલીસે ફરાર કારચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. તા.૩ ના રોજ રાત્રે પૂરઝડપે દોડતી કારના ચાલકે સામેથી આવતી મોટરસાયકલને ટક્કર મારતાં ચાલક તેમજ પાછળ બેઠેલ યુવતી ફૂટબોલની માફક રોડ ઉપર ફંગોળાઈ ગયા હતા. બંન્નેને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા પરંતુ ગંભીર ઈજાના કારણે બંન્નેના મોત નિપજ્યા હતા. બનાવ અંગે ભુસાવડછાપરાના દિલીપભાઈ સૂકાભાઈ બોદરની ફરિયાદના આધારે પોલીસે કારચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

હદ થઈ : જિલ્લામાં કોરોનાથી બચવા આયુર્વેદિક ઉપચાર પણ મોંઘા થયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

રોગચાળો ફાટી નિકળે એટલે લેભાગુઓ પોતાની કરામત કરવાનું ભૂલતા નથી. કોરોનાથી બચવા માટેના રેમડેસિવિર ઈન્જેકશનોનું કાળા બજાર જગજાહેર છે અને હવે કોરોનાથી બચવા આયુર્વેદિક ઉપચાર પણ રાતો રાત મોંઘા થઈ રહ્યા છે. સોશ્યલ મીડીયા તેમજ અન્ય બુઝર્ગો દ્વારા કોરોનાથી બચવા માટે મળતા નુસ્ખાને અનુસરીને અનેક લોકોએ લીંબુ, સૂંઠ, કપૂર, નાળીયેર અને દેશી ગોળ વગેરેનો ઉપયોગ શરૂ કર્યો છે પરંતુ આ તમામ સામગ્રીના ભાવ આસમાને પહોંચ્યા છે. લીંબુનો ભાવ ફરીથી ૧ કી.ગ્રામ દીઠ ૧૫૦ને પાર કરી ગયો છે. જ્યારે લીલુ નાળીયેર ૧ નંગનો ભાવ રૂા.૮૦ને વટાવી ગયો છે. તે જ રીતે સૂંઠ અને કપૂરના ભાવમાં પણ ભડકાની સ્થિતિ છે.

કોરોનાના દર્દીઓને ખાસ કરીને ઓક્સિજનનું લેવલ ઘટતાં પ્રાણ ઘાતક સાબિત થઈ રહ્યા છે જેથી અવનવાં દેશી નુસ્ખાં શરૂ થયાં છે જેમાં દાદીમાની પોટલી તરીકે ખોળખાતા દેશી ઉપચારમાં અજમો, કપૂર અને તજની પોટલી બનાવી વારંવાર સૂંઘવાથી ઓક્સિજન લેવલ ઉંચકાય છે અને તે અક્સિર સાબિત થતાં તેની માંગમાં ઉછાળો આવ્યો જેથી લેભાગુ વેપારીઓએ તેમાં ૧૫ થી ૨૦ ટકાનો ભાવ વધારો ઝીંકી દીધો. જ્યારે લીંબુ અને લીલા નાળીયેર તેમજ મોસંબી અને સંતરાના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. સૂંઠનો ભાવ રૂા.૪૫૦ થી ૫૦૦ ને આંબી રહ્યો છે. કપૂરનો ભાવ પણ આસમાને પહોંચતાં કોરોનાએ મોત સસ્તાં અને આયુર્વેદીક ઉપચારની સામગ્રી મોંઘી કર્યાની તસવીર જોવા મળી છે.

કોરોનામાં ભાટીયા સમાજ રાહ ચિંધે છે

શામળાજીમાં મોડાસા જુથ સેવા મંડળનો રજીસ્ટર મેરેજ યોજાયું

કોરોનાના કારણે લગ્નસરાના અવસરમાં ભીડ એકત્ર થતાં પોલીસ ત્રાટકી રહી છે. કોરોના બેલગામ બની મોતનો ખોફ રચ્યો છે છતાં પ્રજામાં કોઈ સુધાર આવતો નથી ત્યારે ભાટીયા સમાજ મોડાસા જુથ સેવા મંડળ દ્વારા સમૂહ લગ્નને પણ વધુ સાદગી ભર્યો બનાવી શામળાજીની શ્રી વિશ્વકર્મા પંચાલ સમાજના હોલમાં યોજાયેલા સમૂહ લગ્નમાં ૬ નવદંપતિએ સપ્તપદીના ફેરા લીધા વગર રજીસ્ટર મેરેજ કરી સમાજના ૭મા સમૂહ લગ્નોત્સવને યાદગાર બનાવવાની સાથે કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે કરેલા પ્રયાસની અન્ય સમાજોએ નોંધ લીધી છે.

લગ્નના અવસર હોય.. ઘરે યોજાય કે પછી સમૂહ લગ્નોત્સવ હોય પરંતુ ત્યાં તૈયાર કરાયેલી ચોરીમાં અગ્નિની સાક્ષીએ સપ્તપદીના ફેરા લેવાય, ગોર મહારાજ વૈદિક મંત્રોચ્ચાર કરે અને નવદંપતિ ૭ ફેરા ફરે.. આવા દ્રશ્યો જોવા મળે પરંતુ કોરોનાના વિકરાળ સ્વરૂપને ધ્યાને રાખી ભાટીયા સમાજ મોડાસા જુથ સેવા મંડળ દ્વારા અનોખો રજીસ્ટર મેરેજ-૨૦૨૧ નું આયોજન થયું તા.૨ મે. ના રોજ શામળાજીમાં યોજાયેલા સમૂહ લગ્નોત્સવમાં મોડાસા, ઈડર, માલપુર, ટીંટોઈ, મેઘરજ, મહેસાણા, ગાજણ, સંતરામપુર, દેવગઢબારીયા અને અંબાજીના નવયુગલો કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ સમૂહ લગ્નોત્સવમાં જૂજ સંખ્યામાં સબંધીઓ સાથે આવ્યા. જ્યાં સમૂહ લગ્નોત્સવના આયોજકોએ સપ્તપદીના ફેરા વગર જ રજીસ્ટર મેરેજ કરાવી સમાજને વર્તમાન પરિસ્થિતિમાં અનોખો રાહ ચિંધ્યો છે.

ઉજેળીયા વૈજનાથ મહાદેવ મંદિરના મહંતનું કોરોનાથી મોત

તલોદ તાલુકાના ઉજેળીયા વૈજનાથ મહાદેવ મંદિરના મહંત પરમ પૂજ્ય ગુરૂ મહારાજ દિલીપગીરી ગોસ્વામીને કોરોના

થયા પછી જીંદગીનો જંગ હારી ગયા હતા. મહંત બ્રહ્મલીન થઈ જતાં ભક્તજનોમાં શોક છવાયો છે.

તલોદ તાલુકાના ઉજેળીયા વૈજનાથ મહાદેવ મંદિરના મહંત દિલીપગીરી ગોસ્વામીની તબિયત બગડી હતી. કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો અને ઓક્સિજનનું લેવલ ઘટી જતાં ગત તા.૨૮ એપ્રિલે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.